| | | |
|---|---|---|
| Innovation ID | **DTP0010000002494** | **Sr No : 1** |

| | |
|---|---|
| Innovation Title | લસણ (Allium sativum)ની વાવણી માટેનું ઓજાર |
| Category | ખેત ઓજારો |
| Notebook Number | lok (૧) ૪ Aug- ૧૯૯૬ Pg No. ૮ |
| Brief | લસણ (Allium sativum)ની વાવણી માટેનું નવું ઓજાર ડબલીયું સાતી. |
| Detail | જૂનાગઢ જિલ્લાના ખેડૂતો લસણ (Allium sativum)નો પાક સાડા-ચાર ઈંચના અંતરે વાવતા હોય છે. સામાન્ય સાંતિ વડે આટલા સાંકડા અંતરે વાવવું શક્ય નથી. કારણ કે, સાંતીના બે દાંતા એકબીજાને અડતા હોવાથી બે હાર વચ્ચે નવ ઈંચ થી ઓછું અંતર રાખવું શક્ય નથી.<br>આ સંજોગોમાં ખેડૂતો પહેલા નવ ઈંચના ગાળે લસણ વાવે છે. ત્યારબાદ તુરંત નવ ઈંચના અંતરે વાવેલ લસણના ચાસની મધ્યમાં દાંતા રહે તે રીતે સાંતી રાખીને ફરી બે ચાસની વચ્ચે બીજો ચાસ ખોલી લસણની વાવણી કરે છે. આમ બે હાર વચ્ચેનું અંતર સાડા ચાર ઈંચનું જળવાય છે. પરંતુ આ રીતે વાવણી કરવામાં બમણો સમય અને ખૂબ જ કાળજીની જરૂર પડે છે. બીજી વાર લસણનું બિયારણ વેરતી વખતે જો બળદ જરાય ત્રાંસા ચાલે તો આગળ વાવેલ હારના બીજ ઉપર આવી જાય છે. આ સમસ્યાનું નિરાકરણ કરવા જૂના સાંતીમાં સુધારા વધારા કરી બગડુ ગામના ખેતકારીગર શ્રી બાબુભાઈ પ્રેમજીભાઈ લુહારે ડબલીયું સાંતી નામનું નવીન ઓજાર વિકસાવ્યું છે.<br>આ સાંતીના એક લોઢિયાની પાછળ ત્રણથી પાંચ ફૂટના અંતરે બીજો લોઢિયો બેસાડવામાં આવે છે, જેના દાંતા આગળના લોઢિયા દ્વારા ખૂલેલા ચાસની મધ્યમાં જ નવો ચાસ પાડે છે. આમ, માત્ર એક જ વખત સાંતી હાંકવાથી આગળ પાછળ રાખેલ બે લોઢિયાની મદદથી સાડા ચાર ઈંચના અંતરે લસણની વાવણી થઈ શકે છે. પાછળના લોઢિયાના દાંતાથી અગાઉ ખોલેલ ચાસમાં વાવેલ લસણને કોઈ જાતનું નુકશાન થતું નથી અને સમયનો બચાવ થાય છે.<br><br>(આ પદ્ધતિનું પી.આઈ.સી. સોમભાઈ એચ. ઠક્કરે સપ્ટેમ્બર, ૨૦૦૪માં ભરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)<br><br>(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. વિપુલ વાસને તા. ૧૨-૮-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)<br>ઉત્તરદાતાના જણાવ્યા અનુસાર આ માહિતી સાચી છે અને પોતે સ્વંય વિકસાવેલ છે. ઘણા સમયથી મિસ્ત્રી કામનો વ્યવસાય કરે છે. આથી તેને ખેતઓજારો બનાવવાનું કારખાનું છે. વિવિધ ખેતઓજારોમાં સુધારો વધારો કરી નવા સુધારાઓ પોતે કરે છે. સૃષ્ટિ દ્વારા તેમને સીલ્ડ પણ પ્રો. અનિલ ગુપ્તા દ્વારા આપવામાં આવ્યું છે. ફોલ્ડીંગ ધુસરી, વિવિધલક્ષી હળ, ઓટોમેટીક ડીઝાઈન (લાકડાપર) કરતું મશીન, વગેરે સાધનો તેઓ બનાવીને ખેડૂતોને વહેંચે છે.<br><br>આ સાધનમા ૪૦૦થી ૫૦૦ રૂપિયાનો ખર્ચ આવે છે. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | લોઢિયા, દાંતા, |
| IPR Status | |
| Keywords | ડબલીયું, સાતી, લસણ, Allium sativum, વાવણી, ઓજાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૮૬ | Member Type | Innovator | | |
| First Name | બાબુભાઈ | Middle Name | પ્રેમજીભાઈ | Last Name | લુહાર |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | ન્યુ વિશ્વકર્મા એન્જીનીયરીંગ વર્કસ, મેંદરડા રોડ, દરવાજા પાસે, ખોડીયાર મંદિર સામે | | | | |
| Village | મુ. બગડુ | Taluka | જૂનાગઢ | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |

Biography

બાબુભાઈની ઉમર ૬૦ વર્ષની છે. તેઓ ઘરમાં આઠ સભ્યો છે. તેમના બે પુત્રો પ્રકાશભાઈ ૨૬ વર્ષના અને હર્ષદભાઈ ૨૪ વર્ષના છે. જેમાં પ્રકાશભાઈ જૂનાગઢ એન્જીનિયરીંગના કારખાનામાં નોકરી કરે છે. જ્યારે હર્ષદભાઈ જે નાનો પુત્ર છે તે મીસ્ત્રી કામમાં પોતાને મદદ કરે છે. વિવિધ ખેત ઓજારો અને અન્ય સાધનોના વેચાણ દ્વારા મળતી આવકથી ગુજરાન ચલાવે છે. બાબુભાઈ પોતે મૂળ સાપુર (વંથલી-સોરઠ) ગામના વતની છે. પરંતુ તેઓ ધંધાર્થે ઘણા સમય પહેલા બગડુ આવેલા. હાલ અહીંયા તેમની વિશ્વકર્મા એન્જીનરીયંગની દુકાન આવેલી છે. તેમની પાસે જમીન તેમજ પશુઓ નથી માત્ર ઓજારો રિપેરીંગ અને નવીન ખેતઓજારો બનાવવાનું કાર્ય તેઓ કરે છે. તેઓ લોકસરવાણીના નિયમીત વાચક છે. રહેવા માટે પાકુ મકાન ધરાવે છે. આર્થિક પરિસ્થિતિ મધ્યમ છે. દરેક તહેવારોમાં રસ દાખવે છે.

ગામનો પરિચય-
બગડુ ગામ જૂનાગઢ થી ૧૮ કિલોમીટર ના અંતરે આવેલું ગામ છે. ગામની વસ્તી ૫૦૦૦ની છે. જેમાં મુખ્યત્વે પટેલ જ્ઞાતિના લોકો રહે છે. જ્યારે અન્ય કોળી, કુંભાર, દરબાર, મિસ્ત્રી, વણકર વગેરે જ્ઞાતિઓ વસે છે. મોટાભાગના લોકો ખેતી સાથે સંકળાયેલા છે અને સંપૂર્ણ રાસાયણીક ખેતી જ કરે છે. ગામમાંથી બંદુકિયો નામની નદિ પસાર થાય છે. જ્યારે ગામથી ૨ કિલોમીટરના અંતરે ઓજન નદિ પણ આવેલી છે. ગામમાં પોસ્ટ ઓફિસ, ગ્રામપંચાયત, સરકારી દવાખાનું, પશુ દવાખાનું, બેંક ઓફ બરોડાની શાખા, ધોરણ ૧થી ૭ માટેની પ્રાથમીકશાળા, ૮થી ૧૦ ની હાઈસ્કુલ વગેરે આવેલા છે. વડ, પીપળા, ઇક્કડ, લીમડો, ગુલમોહર, બાવળ, આંબલી, થોર વગેરેના ઝાડ વધારે જોવા મળે છે. મેંદરડા જવાના રસ્તા પર ગામ આવેલું હોવાથી વાહનો સરળતાથી મળી રહે છે. ગામમાં રસ્તાઓ કાચા છે. ખેડૂતો મગફળી, બાજરી, કપાસ, ચણા વગેરે પાકો તેમજ આંબા, કેળ, નાળીયેરીના ફળપાકો પણ ઘણા લોકો વાવેતર કરે છે. ગામ આર્થિક દષ્ટિએ વિકસીત ગામ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૪૮૭ | Member Type | Scout | | |
| First Name | કિરીટ | Middle Name | | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | Taluka | | | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૦૯૪ | Member Type | Verifier | | |
| First Name | સોમભાઈ | Middle Name | એચ | Last Name | ઠક્કર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ૪૬, વર્ધમાન ટેનામેન્ટ, સોલા રોડ, ભુંયગદેવ પાસે | Taluka | | | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | Member Type | Verifier | | |
| First Name | વિપુલ | Middle Name | વી. | Last Name | વાસન |
| Profession | | Designation | | | |
| Address 1 | શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા | | | | |
| Village | જૂનાગઢ | Taluka | જૂનાગઢ | | |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |